# પાકિસ્તાનમાં આવેલા હિન્દુ ધર્મના આસ્થા કેન્દ્રો



ભારત-પાકિસ્તાનના ભાગલા બાદ પાકિસ્તાનમાં ચાલી ગયેલા મહેશ્વરી મેઘવાળ સમાજના યાત્રાધામોની યાત્રા મુશ્કેલ બની છે. પાકિસ્તાનમાં મહેશ્વરી મેઘવાળ સમાજના અતિમહત્વના ૪ સ્થાનકો જેમાં હૈદ્રાબાદથી ૧૦૦ કિ.મી. દૂર બદીનગામમાં આવેલું ધણી માતંગ દેવનું સ્થાનક, જે શેણી તરીકે વિખ્યાત છે. હૈદ્રાબાદનું ઠરઇ સિંધ ખાતે લુણગદેવનું સ્થાનક જયારે ભાદ્રાઢંઢ ખાતે માતૈઇદેવ અને મકલી ખાતે મામૈઇદેવનું સ્થાનક આવેલું છે. આ સ્થાનકો કચ્છથી તદ્દન નજીક છે. અગાઉ આ સ્થળોની યાત્રાએ પગપાળા જતાં. મહેશ્વરી મેઘવાળ સમાજ માટે આ યાત્રાધામોનું અનન્ય મહત્વ હોવાથી યાત્રાને સરળ બનાવવા અને યાત્રિકોને વિનાવિલંબે વિઝાઓ આપવા માટેની રજૂઆતો પાકિસ્તાન હાઇકમિશન સમક્ષ કરાતા આગામી એપ્રિલ-મેથી આ યાત્રા સંભવિત બનશે તેવી ખાત્રી અપાઇ હતી.

"ગુજરાત સમાચાર"
તારીખ : ૯-૦૩-૦૬.